પત્ર ક્રમાંકઃનપલ/૪૫૦૬/સીએસઆર-૬૪/મ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય ગાંધીનગર
તા.૦૩/૧૦//૨૦૦૬

પ્રતિ,
નિયામકશ્રી,
નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વિષયઃ કેન્દ્ર સરકારની મિલક્તો ઉપર નગરપાલિકાઓ દ્વારા લેવામાં આવતા ટેક્ષમાંથી મૂક્તિ આપવા અંગે..

મહાશય,

ઉપર્યુકત વિષય અંગેના ચીફ પોષ્ટ માસ્ટર જનરલ, ગુજરાત સર્કલ, અમદાવાદ નો તારીખ ૧૬/૦૫/૨૦૦૫નો પત્ર ક્રમાંકઃ BLDG.8.329/IV ની નકલ બિડાણ સહિત આ સાથે મોકલી જણાવવાનું કે, ભારતના સંવિધાનની કલમઃ૨૮૫ ની પેટા કલમઃ (૧) મુજબ કેન્દ્ર સરકારની મિલકતો કે કેન્દ્ર સરકારે ભાડે લીધેલ મિલક્તો પર રાજ્ય સરકાર કે સત્તા મંડળો દ્વારા લેવામા; આવતા વેરાઓમા;થી મૂક્તી આપવામાં આવેલ છે.. આ બાબતે મુખ્ય પોષ્ટ માષ્ટર જનરલ અ'વાદે તા.૧૬/૦૫/૨૦૦૫ના પત્રથી મ્યુનિસીપલ કોર્પોરેશન, અમૃતસર દ્વારા સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોષ્ટ ઓફિસ, અમૃતસર ડિવીઝન , અમૃતસર સામે દાખલ કરાયેલ સિવિલ એપ્લીકેશન નંબર ૬૫૩૨/૨૦૦૨માં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ તા.૨૧/૦૧/૨૦૦૪ના ચુકાદા મુજબ પણ રાજયસરકાર કે નગરપાલિકાઓ દ્વારા કેન્દ્ર સરકારશ્રીની મિલકતો પર વેરાઓ લઇ શકાય નહીં. આ બાબતે ભારત સરકારના કોમ્યુનિકેશન એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ડીપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ, નવી દિલ્હીના તા. ૨૪/૦૩/૨૦૦૪ના પત્રથી સંબધિત પસ્ટ સર્કલ ને નકલ અમોકલેલ છે. તેમ છતાં સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓ દ્વારા તઓની હદ વિસ્તારમાં આવેલ કેન્દ્ર સરકારની મિલકતો ઉપર વેરા લેવામાં આવે છે.

ભારતના સંવિધાનની જોગવાઇઓ તથા અદાલતી ચૂકાદાઓ તમામ નગરપાલિકાઓ ને બંધનકર્તા રહે છે. તે બાબત રાજ્યની તમામ નગરપાલિકાંઓના ધ્યાન પર લાવવા

જરૂરી સૂચનાઓ  સત્વરે પરિપત્રિત કરી તેની જાણ આ વિભાગને કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સંયુક્ત સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય ગાંધીનગર